SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-2, January to March : 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ અને પડકારો

*ચાવડા નયના કરશનભાઈ,*

સંક્ષેપ

ભારતમાં મહિલાઓના શિક્ષણની પ્રગતિ લાંબા સમયથી એક મહત્વપૂર્ણ મુદ્દો રહ્યો છે. શિક્ષણ નીતિઓમાં સતત સુધારાઓ દ્વારા મહિલાઓને ઉચ્ચ શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવામાં આવ્યું છે. National Education Policy (NEP) 2020 એ એક મહત્વપૂર્ણ નીતિ છે, જે શિક્ષણના દરેક સ્તરે પરિવર્તન લાવવા માટે રચવામાં આવી છે. આ નીતિ મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ વધારવા અને તેનાથી જોડાયેલા પડકારોને દૂર કરવાની દિશામાં કાર્ય કરે છે. અને મહિલાઓના સુખદ ભવિષ્ય વિશે વિચારે છે.

(કીવર્ડ્સ-, સ્ત્રીશિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, સમસ્યા, નિવારણ)

પરિચય

આજના ઝડપી અને આધુનિક યુગમાં મોંઘવારી પણ એટલી જ ઝડપથી વધી રહી છે. ત્યારે પરિવારમાં રહેલા દરેક સદસ્યો એ કમાવાની ફરજ પડી છે. જેમાં સ્ત્રીઓ પણ આજના યુગમાં શિક્ષિત બની અને પોતે નોકરી અથવા વ્યવસાયમાં જોડાવા માંગે છે પરંતુ ઘણી એવી સમસ્યાઓ છે પરિવારની જવાબદારી સામાજિક,નાણાકીય અવરોધો આ તમામ બાબતોને લઈ અને સ્ત્રીઓ પાછળ રહી જાય છે. અને પોતાનું શિક્ષણ છે એ લગ્ન થયા બાદ અધૂરો મૂકવું પડે છે જે ઉચ્ચ શિક્ષણ મેળવી શકતી નથી. અમુક સ્ત્રીઓ સફળ થાય છે પરંતુ ઘણી બધી સ્ત્રીઓ છે એ આનાથી વંચિત રહી જાય છે National Education Policy (NEP) 2020 એ એક મહત્વપૂર્ણ નીતિ છે, જે શિક્ષણના દરેક સ્તરે પરિવર્તન માટે કાર્ય કરે છે.આ નીતિ મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ વધારવા અને તેનાથી જોડાયેલા પડકારોને અને મહિલાઓના ઉચ્ચ શિક્ષણ માટેની ભલામણો રજૂ કરેલી છે, જે મહિલા ને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મદદરૂપ થશે. સ્ત્રીઓ આત્મ નિર્ભય બનશે શિક્ષિત થશે. એની કરેલી ભલામણો ના આધારે જે સુવિધાઓ મહિલાઓને મળશે જેથી કરીને આવનારા પડકારો સામે કઈ રીતે રક્ષણ મેળવવું ? વગેરે જેવી સમસ્યાઓનું નિરાકરણ મેળવી શકાશે.

અભ્યાસની પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક રહેશે. જ્યારે કોઈપણ વિષયને ગહનતા પૂર્વક સમજવાનો હોય ત્યારે ગુણાત્મક સંશોધન ખૂબ ઉપયોગી બને છે, તેથી તેમના દરેક પાસાઓને આપણે ઊંડાણપૂર્વક સમજી શકીએ છીએ.

મહિલાઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં અસર કરતા પરિબળો

ભારત દેશમાં સ્ત્રી શિક્ષણ માટે બેટી બચાવો બેટી પઢાવો. જેવા નારાઓ ખૂબ પ્રચલિત છે અને તેના ઉપર રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકાર કાર્ય કરે છે સમયાંતરે નવી યોજનાઓ બહાર પાડે છે અને દીકરી માટે અનેક યોજનાઓ પણ જોવા મળે છે છતાં પણ ક્યાંક અંશે સ્ત્રીઓ છે એ શિક્ષણ મેળવી શકતી નથી સામાન્ય રીતે આર્થિક રીતે પછાત તથા સામાજિક શૈક્ષણિક રીતે વર્ગો માં દીકરીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે એવામાં  મહિલાઓ સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણ મેળવવું તો ખૂબ જ પડકાર જનક બને છે. મહિલાઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ઘણા બધા પડકારો અસર કરે છે, .ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓ માટે પડકારો જ્યાં NEP 2020 અને સરકાર મહિલાઓ માટે શિક્ષણની સુવિધાઓ વધારે છે, ત્યાં કેટલીક મોટી અડચણો પણ છે.

- સામાજિક અને સાંસ્કૃતિક અવરોધો

લોકની માનસિકતા ના કારણે કેટલાક વિસ્તારોમાં માતા-પિતા યુવતીઓને ઉચ્ચ શિક્ષણ માટે મોકલતા નથી.

લગ્ન અને ઘર અને બાળકો ની સારસંભાળ માટેનું દબાણ: ઘણી યુવતીઓ લગ્ન પછી ઉચ્ચ શિક્ષણ ચાલુ રાખી શકતી નથી. અથવા ઘરના તરફથી સાત સહયોગ મળતો નથી કે તેઓ ઉચ્ચ શિક્ષણ માટે સમય કાઢી શકે ઘરકામ અને પોતાની ની જિંદગીમાં એટલી વ્યસ્ત થઈ જાય છે કે અભ્યાસ માટે તેમને સમય કાઢવો ખૂબ અઘરો બની જાય છે તેમ છતાં સમાજના લોકો પણ ઉચ્ચ શિક્ષણ મેળવનાર સ્ત્રીઓને  તુચ્છ વર્તન અને તેમનું શિક્ષણ કોઈ કામ નહિ આવે આમ આવી બધી સામાજિક અને કુટુંબિક દબાણના કારણે સ્ત્રીઓ છે એ આગળ વધી શકતી નથી.

- આર્થિક અવરોધો

ફી અને શૈક્ષણિક ખર્ચ  ઘણા પરિવાર માટે ઉચ્ચ શિક્ષણ ખર્ચાળ છે.આર્થિક સ્વતંત્રતા ન હોવી  મહિલાઓ માટે નોકરી અને સ્વતંત્ર આવકના અવકાશ ઓછી હોય છે. ઉચ્ચ શિક્ષણની ફી પણ ખૂબ મોટી રકમ હોય છે જેથી કરીને સામાન્ય અઘર પરિવાર તેમનું બહુ જ ઉઠાવી શકતા નથી આના કારણે પણ મહિલાઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. અને કુટુંબીક પણ શિક્ષણનો અભાવ હોવાથી સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા મળતી સ્કોલરશીપ કે શિષ્યવૃત્તિ માહિતી મેળવી શકતી નથી, ઘર પરિવારમાં એક થી બે કમાતો હોવાથી સામાન્ય જરૂરિયાતો પણ પૂરી ન થતી એવા વર્ગના મહિલા એ આગળ શિક્ષણ મેળવવું એ ખૂબજ અઘરું બની જાય છે.

- સુરક્ષા અને પરિવહન સમસ્યાઓ

શૈક્ષણિક સંસ્થાઓ ખૂબ દૂર આવેલી હોય છે ત્યાં સુધી પહોંચવા માટે સુરક્ષિત અને સસ્તી પરિવહન સુવિધાઓ ઓછી છે. ઘરથી કોલેજ કી યુનિવર્સિટી નું અંતર ખૂબ દૂર હોવાથી સુરક્ષા માટે પરિવારજનો ઘરથી દૂર મોકલતા નથી. મહિલાઓને છેડતી ના બનાવો થાય છે માનસિક દબાણ કરવામાં આવે છે તેના કારણે પણ ઘણી મહિલાઓ ઘરથી બહાર પણ નીકળતી નથી તો ઉચ્ચ શિક્ષણ મેળવવું હોય તો ખૂબ દૂરની વાત છે અને સામાજિક માનસિકતાઓ એવી છે કે બહાર નીકળનાર સ્ત્રીઓ  સારી નથી હોતી ,અમુક સમાજમાં માન્યતા હોવાથી પણ સ્ત્રીઓ આગળ અભ્યાસ માટે વિચારતી નથી. લગ્ન થઈ ગયા અને બાળકો હોવાથી  શરમ સંકોચ અનુભવતી હોય છે. રોજબરોજ બનતા બળાત્કાર છેડતી ના કિસ્સા સાંભળીને પણ પરિવારજનો ઘરથી દૂર અન્ય જગ્યાએ સ્ત્રીઓને કે દીકરીઓને મોકલવાનો સુરક્ષિત માનતા નથી આ પણ મોટું કારણ છે સ્ત્રીઓ ને શિક્ષણ થી વંચિત રહેવા માટે.

રોજગારી ની સમસ્યા

આજના યુગની બેરોજગારીની સમસ્યાઓ દિવસે અને દિવસે વધતી જાય છે કોઈપણ ક્ષેત્રોમાં નોકરી માટે ખુબ ઘસારો જોવા મળે છે એવામાં ખૂબ લાંબો સમય સુધી તૈયારી કરવી અને મહેનત કરવી એ સ્ત્રીઓ માટે જોઈએ એટલું શક્ય હોતું નથી લાંબો સમય તે ટકી શકતી નથી તેના

કારણે તેમને રોજગારીની ઉણપ રહે છે અને રોજગારીની ઉણપ રહેતા આર્થિક સમસ્યાઓ પણ જોવા મળે છે ઘણા એવા ક્ષેત્રો હોય છે ત્યાં મહિલાઓને પૂરતી સીટો પણ નથી મળતી આના કારણે મહિલાઓને કારકિર્દીમાં શિક્ષણ મેળવ્યા બાદ પણ સમસ્યા રહે છે 6તેથી પણ તેઓ આગળ શિક્ષણ ને મહત્વ આપતી નથી.

- સરકાર દ્વારા મળતી સુવિધાઓ

સ્ત્રી સશક્તિકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે ઘણી બધી સુવિધાઓ ઉપલબ્ધ કરેલી છે. જે સુવિધા અને સહાય પછાત વર્ગની તમામ સ્ત્રીઓ સુધી પહોંચે તે ખૂબ જરૂરી છે. જેથી આજની 21મી સદીની તમામ સ્ત્રીઓ પણ આ શિક્ષણ મેળવી પોતાની સ્વતંત્ર અને આત્મનિર્ભર બની શકે છે , કુટુંબ, સમાજને મદદરૂપ થઈ શકે છે.NEP 2020 અંતર્ગત, ભારત સરકારે મહિલાઓ માટે વિવિધ શૈક્ષણિક અને પ્રોત્સાહનકારી સુવિધાઓ ઊભી કરી છે:

- શૈક્ષણિક સહાય અને સ્કોલરશિપ

UGC અને AICTE સ્કોલરશિપ મહિલાઓ માટે વિશિષ્ટ શૈક્ષણિક સહાય ઉપલબ્ધ છે.

INSPIRE Fellowship for Women in Science વૈજ્ઞાનિક અભ્યાસ માટે સહાય.

National Means-cum-Merit Scholarshipઆર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે છે.

Post matric scholarship yojna,સાવિત્રીબાઈ ફુલ સ્કોલરશીપ યોજના, આવી અનેક યોજનાઓ સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આપેલી છે અમે અંતરે સુધારો વધારો થતો આવે છે.

- મહિલાઓ માટે વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ

મહિલાઓ માટે વિશિષ્ટ યુનિવર્સિટીઓ અને કોલેજો જેમ કે Indira Gandhi Institute for Women's Studies.વર્કિંગ વિમેન હોસ્ટેલ્સ: ઉચ્ચ શિક્ષણ માટે દૂર જતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધાઓ. Distance Education Opportunities IGNOU ,BAOU, SWAYAM,portal MHRD UGC, જેવી સંસ્થાઓ દ્વારા ઓનલાઇન શિક્ષણ.

- સ્ત્રી શિક્ષણ માટેના ઉકેલો
- સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણ ના પ્રોત્સાહન માટે તેમને વિશેષ ગ્રાન્ટ, લોન અને શિષ્યવૃત્તિનીની વ્યવસ્થાઓ થવી જોઈએ.
- રાહત દરે કોલેજ , ફી હોસ્ટેલની સુવિધાઓ આપવી.
- સમાજની કટર માનસિક તને દૂર કરવા પ્રેરિત કરવા માટે શાળા,કોલેજ,મીડિયા ઇન્ટરનેટ દ્વારા જનજાગૃતિ ના કાર્યક્રમો યોજવા.
- સસ્તી સલામતી મુસાફરી યોજના યોજવી.
- ઓનલાઇન ફ્રી ડિજિટલ કોર્સ જાહેર કરવા. મફત ઓનલાઈન અભ્યાસક્રમો આપવા.
- સરકાર દ્વારા મળતી તમામ નવી માહિતીઓ ની જાગૃતતા ફેલાવવી.
- ઉચ્ચ શિક્ષણ મેળવનાર અને પદાધિકારી મહિલાઓને મુલાકાત યોજવી.
- ઉચ્ચ શિક્ષણ મેળવનાર સ્ત્રીઓને પુરસ્કૃત કરી સન્માન કરવું

ઉપસંહાર

સ્ત્રી શિક્ષણ કોઈ એક વ્યક્તિ કે સમાજ માટે જ નહીં, પણ સમગ્ર દેશ માટે મહત્વનું છે. જો સ્ત્રીઓ શિક્ષણની તક આપીએ, તો તે માત્ર તેમના ભવિષ્ય માટે નહીં, પણ આખા પરિવાર અને સમાજના વિકાસ માટે ફાયદાકારક સાબિત થશે. સરકાર અને સમાજ બંને સાથે મળીને કામ કરે,

જાગૃતિ, યોગ્ય નીતિઓ, અને સહકાર દ્વારા આપણે એક એવું ભવિષ્ય બનાવી શકીએ, જ્યાં સ્ત્રીઓ માટે ઉચ્ચશિક્ષણ કોઈ સપનું નહીં, પણ હકીકત બની શકે. પરિવર્તન ની શરૂઆત હંમેશા નાની હોય છે, પણ જો દરેક માણસ પોતાનાં સ્તરે યોગદાન આપે, તો ભવિષ્ય તેજસ્વી બનશે. હવે સમય આવી ગયો છે કે આપણે સાથે મળીને આ દિશામાં હળવા નહીં, પણ મજબૂત પગલાં ભરીએ.

સંદર્ભ સૂચિ


1. ડો.ચંદ્રિકા રાવલ અને ડો. શૈલેજા (2013). સ્ત્રી અને સમાજ : પાશ્વ પબ્લિકેશન.
2. દવે જગદીશ,(2015) નારીવાદ અને સ્ત્રી સશક્તિકરણ : અનડા પ્રકાશન.
3. અગ્રવાલ જે.સી.(2009) ભારતની નારી શિક્ષા : પ્રભાત પ્રકાશન.
4. મોનિકા ગુપ્તા. સ્ત્રી શિક્ષણ અને સમાજ. ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
5. Ministry of education (India) national education policy.( 2020)